શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

પુત્ર રત્ન,

પુંડલીક.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

પ્રયોજક,

હરિહર પુરૂષોતમ સેવક [દીવાનો].

છપાવી પ્રસિદ્ધ કરનાર,

નકુભાઈ કાલુભાઈ શાહ.

માલેક—"શ્રી આર્ય નૈતિક નાટક સમાજ."

પ્રસિદ્ધ કરવાનું ઠે૦—તારદેવ બાટલીવાલા ગ્રાંટ થીએટર-મુંબઈ.

વિક્રમ સંવત ૧૯૭૨, ઇ સ ૧૯૧૬.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧

મૂલ્ય રૂ૦ ૦ ૨-૦

સુરત. ભાગાતળાવ રોડપર આવેલા "શંકર" પ્રિન્ટીંગ
પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

પુંડલીક નાટકના પાત્રો.

માનવી પાત્રો.

જન્હુશર્મા...	...	...એક વેદપાઠી પવિત્ર બ્રાહ્મણ.
પુંડલીક...	..	...તેનો પુત્ર નાટકનો નાયક.
કુક્કુટસ્વામી...	...	...એક માતૃ–પિતૃભકત મહાત્મા.
તુલસીભટ ..	...	...પુંડલીકના સસરા.
		તદ્દપરાંત સાધુઓ, નોકરો વિગેરે વિગેરે.
સત્યવતી...	...	...પુંડલીકની માતા
વિજયા ..	...	...પુંડલીકની સ્ત્રી.
		પનિયારીઓ વિગેરે.

દૈવી પાત્રો.

વિષ્ણુ...	...	...ત્રિલોકાધિશ નારાયણ
નારદ...	...	...વિષ્ણુનુ મન ગણાતા મહાત્મા.
		બ્રહ્મા, યમ વિગેરે વિગેરે.
લક્ષ્મી...	...	...મહાશકિત વિષ્ણુ ભગવાનનાં
		બ્રહ્માણી, રૂદ્રાણી. ઇંદ્રા"

રૂપક પાત્રો.

ભારત. ... ...ધર્મતીર્થ પિતૃદેશ.

દ્વાપર .. ... . ચાર યુગમાંનો ત્રીજો યુગ.

ધર્મ... . .. કર્તવ્યનિષ્ઠ માર્ગ પાળનારો આનંદનાથ

કલિ... ... પાખંડીપ પ્રવર્તક ચોથો યુગ પાળનારો
શામળલાલ. સ્વાર્થ વિશ્વાસઘાત વિગેરે.

માયા... . ...કલિને મદદ કરનારી શક્તિ.

ભક્તિ. ... ...ધર્મની મદદ કરનારી શક્તિ
વિગેરે વિગેરે વિગેરે.

સ્થળ- હિંદુસ્તાન, કાઠીઆવાડ અને તેની આસપાસના પ્રદેશ



॥ શ્રી હરિ ॥

લેખકના બે બોલ.

મુંબઈની કદરદાન આલમ પાસે નાટક કંપનીઓ મારફતે આ મારો ત્રીજો નાટક લઈ રજુ થાઉં છું. અને જેમ હમેશાં કરતો આવ્યો છું તેમ આ વખતે પણ તેઓની કદર ઉપર ભરોશો રાખી બીજા લેખકો માફક ઓડિયન્સને અજ્ઞાની અને બીજા નાટક લખનારને મૂર્ખા કહી બિલ બહાર પાડયા પહેલાં મારેજ મોઢે મારી બડાઈનાં ઢોલ તાસા વગાડવાનું પસંદ ન કરતાં મ્હારી મહેનત અને ઈશ્વર ઇચ્છા એ ભરોશાથીજ પ્રજા સમક્ષ મ્હારો આ પ્રયત્ન લઈ ઉભો છું.

ભારતવર્ષમાં ભૂતકાળના ઇતિહાસના અભાવને લીધે ઐતિહાસિક અને ધાર્મિક નાટક લખતાં શું મુશ્કેલી નડે છે તે તો માત્ર લખનારનેજ ખબર પડે છે. હા. માત્ર કોઇ એક વસ્તુ ધ્યાનમાં રાખી નામ ફેરવી તેની નકકલ કર્યે જનાર લેખકો પોતાનું છિદ્ર ન જોતાં સ્હામે બીજા ઉપર આરોપ મૂકી તેને ભલે ધતિંગ નામે ઓળખતા હોય પરંતુ " હું શું પાત્ર ચિતરું છું. " અને તે પાત્ર ચિતરતાં તેમાં તાદાત્મ્ય થઇ તેના ચરિત્રને બાધ ન આવે તેવો બહારનો ભાગ ઉભેરી તે ચિત્રને વધારે રંગીલું કરતાં લેખકની શું હાલત થાય છે, તે માત્ર હરિહૂની દ્રષ્ટિથી જોનાર લેખક

કરતાં મૂળ લેખક અને કદરદાન પ્રેક્ષક વર્ગ વધારે સારી રીતે ઓળખે છે.

આર્ય નૈતિક નાટક સમાજની નોકરી કબુલ કર્યા પછી " **સતી તોરલ** " માં સુધારો કર્યા પછી તેઓનાજ જૂના ખેલ **પુંડલીક**ને ફેરવવાનું કામ માલેક તરફથી મને સોંપવામાં આવ્યું પણ તે વાંચી જોતાં, માત્ર કેટલાંક ગાયનો રાખી તે નાટક મારે કેટલોક ફેરફાર કરવો પડયો. જે ગાયન રાખ્યા છે તે માટે તેના મૂળ લેખકનો ઉપકાર ન માનું તો હુ ખરેખર નગુણોજ કહેવાઉં. વળી મને મદદગાર ગોઠીયાઓનો પણ હુ મદદ કરવા માટે ઉપકાર માનું છું. અને મારા નાટકને ખરેખર શોભા આપનારી વસ્તુઓ પૂરી પાડવા કાંકરા માફક પૈસા ઉડાડી ડ્રેસ અને સીનોમા લખલૂખ ખરચ કરી કંપનીના માલેક **શેઠ શેઠ નકુભાઈ કાલુભાઈ શાહે** મારી નિર્બળ કલમને શોભાવવા મારા ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે તેમના નો હું જન્મભર ઋણિ છું.

બીજા ઉપર આક્ષેપો કરી પાનાં બગાડવા કરતાં " એક હાથે તાલી પડતી નથી. " એ કહેવત પ્રમાણે મારા પ્રયત્નમાં પણ પોતાના હાથ ઉમેરી મદદ કરનાર કંપનીના **ડાયરેકટર મૂલચંદ-ભાઇ**ના સીનસીનેરી માટે રાત દિવસ ઉજાગરો કરી મારા નાટકને શોભાવનાર પેન્ટર **કાશીનાથભાઇ**નો અને મારી દરેક સુચનાને ઉપાડી લેનાર મેનેજર **ચંદુભાઇ**નો ઉપકાર માની અધમ **પુંડલીક**ને ઉદ્ધારનાર પ્રભૂ વિષ્ણુનાર ય ગુને:—

ફળો ઇચ્છા તમારી તે, હમારાથી પ્રયત્ન બને;
ધર્યું બાનું તમારૂં તો નીભાવો નાથ બાળકને.

એમ વિનતી કરી, જેને માટે સાક્ષાત પ્રભુને અવતાર લેવા પડયો એવા વંદનિય માતા પિતાના ચરણમાં વંદન કરી મ્હારા પુસ્તકના આલેખન પૂર્ણ કરૂં છું. અને કુદરતના પ્રભુની દયા અને પરમાત્માની કૃપાના આભારી બની વિરામ પામુ છું.

લેખક પ્રજાનો નમ્ર સેવક,
" દીવાનો "



માલેકનો ખુલાસો.

લેખકના લાંબા ખુલાસા પછી મ્હારા ખુલાસાની વધારે જરૂર હોય એમ મને જણાતું નથી પરંતુ મ્હારે એક નાનો ખુલાસો કરવાની ખાસ જરૂર છે એમ મને જણાવાથી આ નાનો ખુલાસો રજુ કર્યો છે તે એજ કે **શ્રી આર્ય નીતિ દર્શક નાટક સમાજના** ભાગીદાર તરીકેથી ઈ. સ. ૧૯૧૪ના સપ્ટેમ્બર માસની ૨૦મી તારીખે હું જુદો પડ્યો અને મ્હારી એકલાની શક્તિ બતાવવાનો મને વખત મળ્યો ત્યાર પછી મ્હારી એકલી માલેકીની આ **શ્રી આર્ય નૈતિક નાટક સમાજ**નો આ બીજો પ્રયત્ન છે. અને તે મ્હારા સ્વભાવને અનુસરી " **સતી તોરલ** " પ્રમાણે આ બીજો પણ ધાર્મિક નાટકજ છે. ધાર્મિક અને ઉપદેશ આપનારાં નાટકોનોજ હું ચાહનારો છું. અને જો પ્રજા મને ઉત્પાદ આપશે તો હું બીજા પણ તેવાજ નાટકો પ્રજા સન્મુખ રજુ કરીશ.

બાલીવાલા આંન્ડ થીએટર
નારદેવ-મુંબઈ.
તા૦ ૩૦-૧-૧૯૧૬.

નકુભાઈ કાલુભાઈ શાહ.
શ્રી આર્ય નૈતિક નાટક સમાજના
માલેક.

॥ श्री हरि ॥

પુંડલીકનો ટૂંકસાર.

પ્રારંભ પ્રાર્થના અને વસ્તુ સૂચન થયા બાદ માતાપિતાના જય કીર્તન સાથે સીન ટ્રાન્સફર થઈ આપણા નાટકની શરૂઆત થાય છે કે જ્યાં:—

પ્રવેશ ૧ લો—પોતાની અવધિ પુરી થવાથી દ્વાપર અફસોસ કરતો અને **ભારત** ને **ધર્મ** તેને દીલાસો આપતા નજરે પડે છે. સત્‌યુગના વખતથી બંધનમાં પડેલો **કલિ** બંધનમાંથી છુટી છે-ડાયલોગ પ્રકટ થાય છે. **કલિ**ના પ્રકટ થવા સાથેજ **દ્વાપર**નો નાશ થાય છે **કલિ, ભારત** તથા **ધર્મ**ને આગળ ગયેલા ત્રણ યુગના મદદગાર જાણાવી તેઓના વખતમાં પોતાને પડેલાં દુઃખનો બદલો **ભારત** તથા **ધર્મ** ઉપર લેવા જણાવે છે. **ધર્મ** તેને શાંત થવા સમજાવે છે. વાતમાંને વાતમાં અન્ને વિવાદ થાય છે અને **કલિ**એ **પુંડલીક**ને ફસાવવો તથા **ધર્મે પુંડલીક**ને તેના હાથમાંથી બચાવવો એવી શર્ત થાય છે. **કલિ** પોતાના સાથી **માયા, સ્વાર્થ, વિશ્વાસઘાત** વિગેરેને ઉત્પન્ન કરી **પુંડલીક**ને અજમાવવા જાય છે. **ધર્મ** પણ તેની પાછળ ચાલ્યો જાય છે. ત્યાર પછી **પુંડલીક**ના શરીરમાં **કલિ** પ્રવેશ કરતો દેખાય છે. અને પછી સીન ટ્રાન્સફર—

પ્રવેશ ૨ જો—પનઘટપર ગામની સ્ત્રીઓ પાણી ભરવા અરસોનાં બડાક્ષાં ગામને ચોરે, તેવીજ પનિયારીઓની ઘરનાં સુખ દુઃખની વાત પનઘટપર. **પુંડલીક**ને અજમાવવા નીકળેલા **કલિ** અને **ધર્મ** બન્ને તેના દોસ્ત બની રહ્યા છે. **કલિ**એ પોતાની શકિત-**માયાને મોહિની** નામની નાયકા બનાવી ત્યાંજ રાખી છે. તેને **પુંડલીક**ને લોભાવવા સમજાવે છે. અને તેની મદદગાર શકિતઓ ઉત્પન્ન કરી આગી પછી ફરવાને બહાને **કલિ પુંડલીક**ને ત્યાં લાવે છે, **પુંડલીક**ને **મોહિની**માં આશકત કરી પોતાની યુકિતમાં ફાવે છે.

પ્રવેશ ૩ જો—વહુને મન સાસુ સાલ **પુંડલીક**ની માતા **સત્યવતી** અને **પુંડલીક**ની સ્ત્રી **વિજયા**નું ગૃહચિત્ર. **પુંડલીક**નો પિતા **જન્હુશર્મા** આવી તે બન્ને શાંત કરે છે. પવિત્ર વૃદ્ધ દંપતિની સાધુ સેવા. ત્યાં **પુંડલીક** આવી બધા સાધુઓને કાઢી મુકે છે અને પોતાના માતાપિતાને ઢોરઆરિયામાં રહેવા ફરમાવે છે.

પ્રવેશ ૪ થો — **પુંડલીક**ના ઘરમાં **મોહિની** (માયા) નો ગાયનનો જલસો. **પુંડલીક**ને **ધર્મ**નો—" રાંડોના વાર સદા ખુવાર કાંટાનું બીછાનું જોડાનો માર " નો ઉપદેશ પણ તેની **કલિ**ના પ્રભાવથી બગડી ગયેલા **પુંડલીક** ઉપર પથ્થર પર પાણી જેના અસર. **ધર્મ** જઇ **વિજયા**ને તેડી લાવે છે. **વિજયા** છંછેડાયેલી નાગણ માફક આખાં **કલિમંડળ**ની ઝાડુ અને જોડાથી ખબર લે છે ત્યા ટેબ્લો.

પ્રવેશ ૫ મો—**વિજયા**ના ઝાડુથી ભાગી છુટેલુ **કલિમંડળ** હવે નવી જાળ ગુંથે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો—ગામની ભાગોળે જ્યાં **વિજયા** દરરોજ વટ પુજન કરવા આવે છે. ત્યાં આવી માયા વિગેરે સંતાય છે. અને **વિજયા** પુજન કરવા બેસે છે. ત્યા તેના ઉપર તુટી પડે છે **વિજયા** મદદની બુમ મારતાં **જન્હુશર્મા, સત્યવતી** અને **ધર્મ** આવી પહોંચી તેને બચાવે છે. **ધર્મ**નો સતીને પતિ તેજ પરમેશ્વરનો ઉપદેશ તેટલામાં કરી રાખેલા તાગડા પ્રમાણે **કલિમંડળનું પુંડલીક**ને લઈ દાખલ થવું ધરમ કરતાં ધાડ આ બનાવનો આરોપ **પુંડલીક**ના માત પિતા ઉપર ઢોળી પડાય છે અને **પુંડલીક** તેઓને લાત મારી ઘરમાંથી કાઢી મૂકે છે.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—**પુંડલીક**ના ઘરમાં જુગાર, **ધર્મ પુંડલીક**ને જુગાર રમતો અટકાવે છે. પણ **પુંડલીક** તેનું કહેવું માનતો નથી. આપસ આપસમાં મળેલું **કલિમંડળ** જુગાર રમે છે. **પુંડલીક** જુગારમાં પોતાના ઘર સાથે હારી જાય છે. **પુંડલીક** મિત્રો પાસે અને **મોહિની** પાસે જુગાર રમવા બીજા પૈસા માગે છે. પણ તેઓ સાફ ઇન્કાર કરે છે **પુંડલીક** રસ્તાનો રખડતો ભિખારી બને છે પોતાના મા બાપને લાત મારી કાઢી મૂકતાં **પુંડલીકે** જે બોલો કહયા હતા તેજ બોલો આજે **મોહિનીને** મોંઢે સાંભળે છે અને **મોહિની** તેમને લાત મારી કાઢી મૂકે છે. ખરૂંજ છે કે—"પ્રભુના ન્યાયને કાટ સદા છે તોલ બરાબર, લખી લો ડાયરીમાં ધર્મનો આ કોલ બરાબર છે"

પ્રવેશ ૨ જો—આનંદમહમાં **આનંદરાવ** (ધર્મ) ને ત્યાં રહેલો પુંડલીક— જ્યારે પડે આફત શીરે ચાહનાર પણ આઘા ખસે, જેને પડે તે ભોગવે બીજા ઊભા સામા હસે" એ નિતી વાકયનો અનુભવ કરી, જે મિત્ર ઉપર પોતાને ભરોસો હતો તે મિત્રોના જવાબ સાંભળી ગામ છોડી ચાલ્યો જાય છે, **શ્યામરાવ** (કલિ) પ્રવેશ કરી **ધર્મ** પાસે પોતાની છત માટે ફુલાય છે. **ધર્મ** અને કલિનો સંવાદ તેમાં **કલિ** પોતે રમેલી રમતમા પોતાની ભૂલ જૂવે છે. તેથી પાછો **પુંડલીક**ને ફસાવવા પાછળ જાય છે.

પ્રવેશ ૩ જો—**લક્ષ્મી**ને મોટાઇનું અભિમાન થયું છે. તે તોડવા **વિષ્ણુ** યુકિત રચે છે. **ગંગા, યમુના** અને **સરસ્વતી**

પ્રવેશ કરી 'પાપી માણસો પોતામાં નાહી પોતાને કલુષિત કરે છે.' તેમાંથી તરવાનો અને શુધ્ધ થવાનો ઉપાય પુછતાં **વિષ્ણુ** તેને માતૃપિતૃ ભકત મહાત્માની પુજા કરવાનું કહી ભકતોની શ્રેષ્ટતા ગણાવે છે. ત્યાર પછી આંખ મીચામણાની રમત રમી જે બીજાને પકડી પાડે તે મોટું એમ ઠરે છે. **વિષ્ણુ** સંતાવા જાય છે. **લક્ષ્મી** તેને શોધવા નીકળે છે. કે જેની સાથે **નારદ** પણ તેનુ પરિણામ જોવા જાય છે. સીન ટ્રાન્સફર થતા ઋષિ આશ્રમ દેખાય છે.

પ્રવેશ ૪ થો—જ્યાં **લક્ષ્મી** પ્રવેશ ન કરી શકે તેવુ કાંઇ કાંઇ પણ સ્થાન હોય તો તે માત્ર ભકતોના હૃદયજ છે માટે વિષ્ણુ કુટકુટ સ્વામીના હૃદયમાં છુપાય છે **લક્ષ્મી વિષ્ણુના** પગલાં જોતી જોતી પ્રવેશ કરે છે પણ પછી પગલાં બંધ થતાં વિચારમાં પડી જાય છે **વિષ્ણુને** તો **કુટકુટ સ્વામીએ** હૃદયમાં દાખલ કર્યા પણ **લક્ષ્મીની** માયાનો બનેલો પિતાંબરનો જરીયન છેડો બહાર રહી જાય છે. જે ભકત હૃદયમા લેતો નથી તેથી **વિષ્ણુ** પકડાઇ જાય છે. **વિષ્ણુને** પકડાવી આપવા માટે **લક્ષ્મી** **કુટકુટ** સ્વામીને કંઇ માગવાનુ કહે છે **કુટકુટ** સ્વામી તેને પોતાનાથી હમેશા દૂર રહેવાનું કહે છે. આવી રીતે છેડો બહાર રાખી તથા દૂર રહેવાનું કહી **લક્ષ્મીનું** બે વાર અપમાન કરે છે પણ **લક્ષ્મી** તે સમજી શકિત નથી. તે તો **વિષ્ણુને** પકડી પાડયા એટલે **વિષ્ણુને** મોઢે પોતાને મોટી કહેવરાવે છે અને પછી—'મને માહને માની મોટી થઈ હું મોટી"

પ્રવેશ પાંચમો—**વિજયાને** ખભે ઉપાડી **પુંડલીક** પ્રવેશ કરે છે અને થાકથી બેસી જાય છે **વિજયા** કંદમૂળ લેવા જતાં આરામ લેવા લોટે છે ત્યાં ઊંઘ આવી જાય છે એટલે **કલિ** આવી

તેનાં હૃદયમાં મોહ ઉત્પન્ન કરે છે. અને ચાલ્યો જાય છે. ત્યાં **કુક્કુટ સ્વામીની** પૂજન કરવા નીકળેલી **ત્રિવેણિઃ—ગંગા, યુમના અને સરવસ્વતી** આજે આ વન ઉજ્જડ કેમ દેખાય છે તે માટે વિચાર કરતી દાખલ થાય છે. તેના ઝાંઝરના ઝણકારાથી **પુંડલીક** જાગી ઉઠી તેના ઉપર મોહીત થાય છે. **ત્રિવેણી પુંડલીકને** ઓળખી તેને ફિટકાર આપી ચાલી જાય છે. **પુંડલીક** તેની પુંઠ પડે છે. **વિજયા** કંદમૂળ લઇ આવતાં પુંડલીકને ન જોવાથી તેની શોધમાં જાય છે.

પ્રવેશ છઠો—માતૃપિતૃભક્ત કુક્કુટ **સ્વામી** પોતાનાં માતા-પિતાની સેવા કરે છે **ગંગા, યુમના સરસ્વતીના** માથામાથી પાણી પડી ઋષિને અભિષેક કરે છે. ત્યાં **પુંડલીક** પ્રવેશ કરે છે. અને **ત્રિવેણીને** સ્વામી જોડે કાંઈ આડો સંબંધ છે એમ ધારે છે. **ત્રિવણી** જલમય થઇ જાય છે. **પુંડલીક, સ્વામી** પાસે તે ત્રણમાંથી એક સ્ત્રી ગાએ છે, સ્વામી પોતાના પૂર્વ જન્મના ગુરૂને ઓળખે છે તેથી તેના હૃદયમાથી **કલિને** દૂર કરી બાળવા તયાર થાય છે પણ **ધર્મ** આવી તેને બચાવે છે. **કલિથી** દૂર થઈ શુદ્ધ થએલા **પુંડલીકને** સ્વામી તેની નરકમા શી હાલત થશે તે બતાવે છે. **પુંડલીક** પસ્તાય છે. પથ્થર પર વિરામ લેવા જતા પથ્થરથી તિરસ્કાર પામી વૃક્ષનો આધાર લેવા જતાં વૃક્ષરાજથી ફિટકાર પામી, પાણીમાં પડવા જતાં વરૂણદેવનો ધિક્કાર પામી પસ્તાય છે અને જૂના પાપો યાદ કરી "હવે મારે કેમ વર્તવું," એમ સ્વમીને પૂછે છે. **સ્વામી** તેને શ્રવણનું ચરિત્ર બતાવે છે અને છેલ્લે તેનાં માબાપનાં **કાશી—ગંગા** ઘાટ ઉપર દર્શન કરાવે છે.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—**પુંડલીક**નો માતાપિતા સાથે મિલાપ. **પુંડલીક**ને શોધતી **વિજયા** પણ ત્યાં આવી પહોંચે છે અને **પુંડલીક** તેડી લઈ પોતાને પિયર ચાલી જાય છે. **પુંડલીક** પોતાની આંખનું તેજ પોતાનાં માબાપને આપી પોતે અંધ બને છે, પુત્રપિતૃ મિલાપ સાથે **ધર્મ**નાં કાર્યની સમાપ્તિ

પ્રવેશ બીજો—પોતાને મોટી મોટી કરતી **લક્ષ્મી**ની બક્ષ **નારદ** ભાંગે છે અને **વિષ્ણુ** તો તમારા કરતાં પણ ભકતને મોટા માને છે એમ જણાવે છે **લક્ષ્મી** ભકતને પણ નમાવવાનું અભિમાન કરી **નારદ** અને **વિષ્ણુ**ના વાર્યાં છતાં જાય છે **નારદ** તો **લક્ષ્મી**ની લીલા જોવા સાથેના સાથેજ

પ્રવેશ ત્રીજો—ભકતની કસોટી કરવા નીકળેલી **લક્ષ્મી**ના રસ્તામાં પોતાના પુત્ર જ્ઞાનને સુવરાવી વૃદ્ધાભકિત ઝુંપડાંમા જાય છે. **લક્ષ્મી**ની ઠોકરથી જ્ઞાન મરી જાય છે ભકિત **લક્ષ્મી** પાસે પોતાનો પુત્ર માગે છે, નહિ તો તેનો પણ જીવ લેવા કહે છે. **લક્ષ્મી, યમ વિધાતા** તથા **બ્રહ્મા**ને બોલાવી તેને સજીવન કરવા કહે છે પરંતુ તેઓ પોતાની અશકિત બતાવે છે. ત્યાં **પુંડલીક** પોતાના માતપિતાને કાવડમાં લઇ યાત્રા કરવા નીકળ્યો ત્યારનું પહેલા પગલાનું ફળ આપી જ્ઞાનને સજીવન કરી **લક્ષ્મી**ને બચાવે છે. **લક્ષ્મી** ઉપકાર માની તેના પગમાં પડે છે ત્યાં **નારદ** તેને પગમાં પડતી અટકાવે છે ભકત **પુંડલીક**ને નમાવવા નીકળેલી **લક્ષ્મી** તેનેજ નમે છે ત્યાં પ્રવેશનો અંત આવે છે.

પ્રવેશ ૪થો—"સાસરે લડી પિયર આવનારી છોકરીને સંઘરે તે બીજા" એમ કહી **વિજયાનો** પિતા તુલસી ભટ **વિજયાને** જે પગલે આવી છે તેજ પગલે પાછી તેને સાસરે જવા ફરમાવે છે. **વિજયા** જતાં શરમ થવાનુ જણાવતા **તુલસીભટ** પોતે તેને મૂકવા જાયછે.

પ્રવેશ પમો—કસોટીમાંથી પસાર થઈ શુદ્ધ સોનું બનેલ ભક્ત **પુંડલીક** પોતાનાં માતા પિતાની ચરણ સેવા કરતો બેઠો છે ત્યાં પિતાના ઉપદેશથી સુધરી ગએલી **વિજયા** આવે છે પતિ પતિને ભેટ **વિજયા** પોતાની સાસુની સેવા કરવા બેશે છે. પાછળથી રીસાઈ ગએલાં **લક્ષ્મી** સાથે " એ ભક્તો તો માગી પણ પરવા કરતા નથી. " એમ સમજાવતા અને મનાવતા પ્રવેશ કરે છે અને તેનું ઉદાહરણ બતાવવા **પુંડલીકને** દર્શન આપી તેને નીચે ઉતરી પોતાને ભેટવા કહે છે. પણ માબાપની સેવામાં વિક્ષેપ થાય માટે **પુંડલીક** તેને ઇંટનું આસન આપી મુંગા રહેવાનુ કહી માબાપની સેવામાંજ બેસી રહે છે. અને **લક્ષ્મીની** ખાતરી કરી આપે છે. **વિષ્ણુ** ભગવાન **પુંડલીકનાં** માતપિતાની માયાવી નિદ્રા હરી લઇ તેમને જાગૃત કરે છે, અને વરદાન માંગવાનું કહે છે, તથા **પુંડલીકની** વિનતિથી કલિયુગોના જીવોનો ઉદ્ધાર કરવા માતાજી **લક્ષ્મી** સાથે **વિઠ્ઠલનો** નવમો **બુદ્ધાવતાર** ધારણ કરેછે. **સીન ટ્રાન્સફર.** પંઢરપૂરનું શ્રી **વિઠ્ઠલનાથજી**નુ મંદિર

દેહોબા રૂખમાઈ જય જય દેહોબા રૂખમાઇ.
પુંડલીક વરદા હરિવિઠ્ઠલ.

॥ श्रीहरी ॐ ॥

પુત્રરત્ન પુંડલીક

નાટકનાં ગાયનો.

પ્રારંભ-પ્રાર્થના.

શ્રીહરિ ૐ પુંડલીક વરદેહી હરિવીઠ્ઠલ
પંઢરપુર નિવાસી રૂકિમણીવર વરદે વરદે વરદે
બાળક કર ધર નટવર—શ્રીહરિ ૐ
સૂજે ગૂજે બની માત
પાપે તું બની તાત
માતૃ પિતૃ ભકિત માટે તારો અવતાર ભૂધર-શ્રીહરિ.
ફળો ઇચ્છા તમારી તે હમારાથી પ્રયત્ન બને
ધર્યું ન્હાનું તમારૂં તો નિભાવો નાથ બાળકને-શ્રીહરિ.

બાળાઓ— ૧

માત પિતાને દુભવ્યાં તેનો એળે ગયો અવતાર,
પડો તે નીચ નરને ધીક્કાર (૨)
છે ફોગટ ભૂમિ ઉપર એ ભાર. (૨)— પડો તે૦
દુનિયાનું જીવતું દૈવત જે માતૃ જન્મ દેનાર,
લીલાં સુકાં કરી ઉછેરે ભૂલે તે ઉપકાર;— પડો તે૦

ગમારમાંથી જ્ઞાન દઈને શીખવાડે સંસાર,
પુજ્ય પિતા ગુરુ પરમેશ્વર રૂપ તેને છેહ દેનાર;—પડો તે૦

પનિહારીયો—　　　　૨

હળી મળી પાણી ભરીયે
આવો સાહેલી, ઘરના સુખ દુઃખની વાત કરીએ,
નણુદી વેરણ સાહુડી મુજ ગરજ શોકની સારે,
જરા જરામાં હરતાં ફરતાં મેણું ટોણું મારે;—હળી૦
હું ઘર લાયક થઈ ત્યાં વરની મરવાની તૈયારી,
પૈસાને પરણાવીને મા બાપે મુજને મારી;—હળી૦
અરીણીયો એદી વર મારો અફીણે ઝોકા ખાય,
ઝોલા ખાતું જોબનીયું મુજ બ્હેની એળે જાય;—હળી૦
જેમ નચાવું તેમ નાચે, મુજ બોલ ન એક ઉથાપે,
હું તો વાલમને વ્હાલી ઇન્દ્ર સમા સુખ આપે;—હળી૦

માયા—　　　　૩

મ્હારી ઝલક જોઇ આંખડી અંજાય,
મહા પ્રતાપી પણ પાણી પાણી થાય,—મ્હારી૦
મહા મુનિવર માન મુકે ધ્યાનિ નિજ ધ્યાન ચુકે,
　　એવી પ્રતાપી છું હું માયા,
　　મ્હારી સોનેરી કાયા,
　　ભલા ભલા ભરમાયા;
વાહ.　　　　—મ્હારી૦

સખીઓ—માયા— ૪

પ્રેમ ધ્વજા સમ ઉડતાં અંચલ શીદ દબાવે અંગે ?
યુવતી જોબન રણ મેદાને મદન ચડયો છે જંગે,
એ ઢંકાય ના, ઢંકાય ના, આલી ઢાંકયું ઢંકાય ના;
શાનું રણ ને શાની ધ્વજા ! એ વાત તજો સહુ આડી,
આવ્યા કે નહી પ્રિયશમ હૈયું હેરે વસ્ત્ર હટાડી
એ કહેવાયના, કહેવાયના, આલી કહેતાં કહેવાય ના;
ભ્રમર કમાન મહીં સાંધીને તીર–નેત્ર અણીયાળાં,
વીંધે વિરહી હૃદય મદન ફોકટ છુપાવ્યાના ચાળા,
એ છુપાય ના, છુપાય ના, આલી છુપાવ્યું છુપાય ના;
કમાન શાની ને વળી તીર એ મુખપર કયાંથી આવ્યા ?
લોચન મનડાને વશ નાચે, એ મન તણાં નચાવ્યાં !
એ કહેવાય ના, કહેવાય ના, આલી કહેતાં કહેવાયના મદન.

માયા—પુંડલીક— ૫

પ્રીય મારી કંકરી બાણુ, જો પ્રીતડી કરી તો કરી જાણજો,
મેં પણ સોંપ્યાં તન પ્રાણ તો હૃદયે સર્વ રહી સુખ માણજો.
અંતર ગટ સ્નેહ કંકરી વાગી,
લાલ લગન લલનાને લાગી,
વાગી તેવી સ્હામી વાગી નયન નચાવી મુખ મલકાવી,
લીધી તેં શુદ્ધિ હરિ કામણ કરી,
પાછું કરી [illegible] [illegible]

સાધુઓ— ૬

ભાઈ નામ સમજીને બેશી રહીયે, આતમા ચીની,
મનમાં મગન થઈ રહીયે;— ભાઈ૦
રામને રહેમાન તમે એક કરી જાણજો, કૃષ્ણને કરીમ એક કહીયે,
વિષ્ણુ બીસમીલ્લાહમાં ભેદ નથી ભાઇ
અમે અલ્લાહ અલખ એક લહીએ;—ભાઇ૦
ઠાકુર ગોવીંદ તમે એક કરી જાણજો મૌલા માધવ ગુણ ગઈયે,
હરી હક તાલાનો ભેદ મેં તો જાણ્યો હવે ચોરાશી માર નવ
સહીયે; ભાઈ૦ (લોક ગીત)
બાપુ સાહેબ નામ પાક છે ને બીજુ નાપાક
એવું સમજ્યા કહો કયાં જઇએ ?—
જે જે સાધન કરે તેમાં પડે છે સાંસા,
અમો બ્રહ્મજળમાં નીત નહઇયે; ભાઈ૦

શ્યામલાલ, પુંડલીક- ૭

હમણાંતો નથી નવરાશ ગુરુરાજ
અમો ઘડપણમાં ગોવીંદ ગુણ ગાશું,
મરણ પછીની કરો છો વાતો મોટી,
ત્યારે હમણાં શું પહેરાવી લંગોટી ?
વાત થાય જે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ ?
સાચું.... ....ઘડપણમાં૦

હજુ બાંધવા છે મારે કંઇક માળા,
હજુ થાવું છે દસવીસ માલવાળા;
ઘર તાજાં કરી પુંકવા દીવાળાં;—કેમ શ્યામલાલ ?
સાચું.... ....ઘડપણમાં૦
જ્યારે ચાલશે કાયા નહીં હમારી,
ત્યારે સાંભળીશું કથા આ તમારી,
મળી નારી નહિં તો રહેજે બ્રહ્મચારી;–કેમ શ્યામલાલ?
સાચું.... ....ઘડપણમાં૦

આનંદરાવ— ૮

છે જ્યાં સુધી હાથે ટમટમ્ મોટરકાર
ને નોટોના ચોડાના ચોડા છે ચાર,
ત્યાં સુધી સાચો પરનારીનો પ્યાર; ને આશકનો બહાર.
રાંડોનો યાર, સદા ગુલજાર,
મ્હોબતનું બીછાનું પુલોનો હાર.

* * *

ખુટયાં ખીસામાંથી જેવાં નાણાં,
ને દીઠાં તીજોરીનાં તળીયાં કાણાં,
કે બાઇ બીજી બગલમાં ભરાણાં;—ને આખરનો સાર.
રાંડોના યાર, સદા ખુવાર,
કાંટાનું બીછાનું જોડાનો માર.

છોકરીઓ— ૯

છોટે બલમાં લગાયે દીલજાન
ન જાઓ પડું પૈયાં સૈયાંરે
સૈયાંરે મયેં બાલી મયેં ભોળી જો તેરે સંગ હોલી,
મોરા તડપ તડપ જીયા જાય—ન જાઓ૦
મયં તો છોટી ઉપરીયાં કી ભોલી,
પ્યારે બલમાને બાતો મેં ઘોલા,
દેખો મુજકો અપ નાય બયઠ આંખે ફીરાય,
નીરદૈયાં હરજૈયાં દુઃખદૈયાંરી હાય—

મોહિની— ૧૦

બંસીબટ યમુનાતટ નીકટ રાધાકો પ્રિય શામ,
મનમોહન મન હરત હય ફકત બંસી તાન,
સાંવરો નયન બાન માર ગયો,
જાદુગર રસબસ કી કરે બતીયાં ન ડરે અપને જીયાંમેં,
ચાલ ચલત બીચડગર રોકત મગ હમારો—સાં૦
મધુર મધુર બતીયાં કરત બંસી મુખ અધર ધરત,
ફકત અતિ સુંદર સુઘર નાચત તત થઇ તા, થા—
સાંવરો નયન બાન માર ગયો૦

શ્યામલાલ, મોહિની— ૧૧

જાઓ વીર અટંકા બહાદુર બંકા તજી મન શંકા
ઘો જશ ડંકા ગુંથી જાળ.

થઈ શત્રુના કાળ, પાડો તને મન ફાળ,
કે બચવાનો મારગ નવ સુઝે, જોતાં થરરર થરરર ધ્રૂજે,
પાય પડી આપણને પૂજે બુઝે કલિ પ્રતાપ
છટકાવેલા ઉદરને ફરી જાળમાં ફસાવો } કોરસ.
ને ધર્મ ના કાળની સત્તા શું તે બતાવો }
છટકું બાંધ્યું આ માયાએ ને તેમાં જે બંધાયા એ
છૂટે નહીં જીવની કાયાએ એ માયાનો પાશ
શાબાશ શાબાશ. જાએ.

ડ્રોપ.



અંક ૨ બીજો.

છોકરીઓ—   ૧૨

શામળીઆ ગીરધારી લાલા રોકો શાને વાટડી,
કપટી કાના કામણગારા ચાતુરી ચલાવો કરી ચાળા—
શામળીયા.
હેડાંમાં હરિ હેતજ ક્યાં છે ?
અમથા આંખો મારતા વ્હાલા....   શામળીયા.
નયન હૃદય બે રંગજ જુદા શીદ સંતાપો ઠાલા
ભોળી ભામાને ભરમાવા કરો ન કાલા વ્હાલા—શામળીયા.

આનંદરાવ—   ૧૩

ઉઘાડી આંખ જો આ જુગારી એ જુગારે કંઇકની ગરદન મારી,
દમયંતી જેવી ઘરનારી જેની જગમાં કીરતી ભારી,
રાજ્ય ગુમાવી વન વન રખડયા એ નળની સ્થીતિ વીચારી;
—ઉઘાડી૰
જુગારી નહિ કરવાનું કરે, એને બુદ્ધિ સૂઝે નહિં સારી,
બુરામાં પણ બુરો ચરસ જેમાં પાન્ડવ હાર્યા નારી—ટેક.

પુંડલીક—   ૧૪

જ્યારે પડે આફત શીરે ચાહનાર પણ આઘા ખસે,
જેને પડે તે ભોગવે બીજા ઉભા સ્હામા હસે—ટેક.

ચઢતી મહીંતો હાંજી હાં કરનાર જગમાં લાખ છે,
પડતી મહીં દે સાથ જગમાં કોક એ 'વીરલા' વસે—ટેક.
જો બન્યા પોતેજ મુરખા તો બીજાનો વાંક શો ?
તે બળે નહીં કેમ થઈ જે અંધ અગ્નિમાં ધસે
આજ ખુલ્લી આંખથી જોયું સગાં સૌ સ્વાર્થનાં,
જાણ્યા છતાં મારા સમા ભોળા દિવાના થઈ ફરે.—ટેક.

૧૫

રાસ.

સુત્રધાર ત્રિભુવન તણાં તેણે માંડયો,
સમજ્યો તે સમજાય ના તો કયમ થાય પ્રકાશ ?
જગ નાચે કોઈ અનૃત નૃત્ય આજે શ્રુતિ મતના અવાજે,
વાજે હૃદય તંત્ર તંત્રી સાજે ગાજે;— જગ નાચે૦
મધુર અબીત ગીત સાથ થનંથન જગ નાચે સકલ,
ધાકી ટીતક, ધુમ કીટી તક; ધાતીધા કીડાનધા,
છનનનછુમ, ચનનન
તનમનલય જીવન હૃદય જીભ પગ નૃત્ય સંગીત એક,
બની અનેકમાંથી આજે ભેદ ટાળી કરી અભેદ, ગરજે;—
રેરેરે સાસાસા, ધધપ, મપ, ધધધપ, મમમ, રેરે સા,
સામરે, પમધપ. નીધસા, સાનીધપ, મપધપ,
મપધધ, ધપમમમ, રેરેસા ગાયે કેદાર મગી,
રાસ આ બ્રહ્માંડે રચ્યો;—જગ૦

લક્ષ્મિ— ૧૬

માનીને તનમન જીવન જાણી સહુ પુજે મને,
લક્ષ્મિ નામ છે મ્હારૂં જગ ભજે મને,
માયા નામ છે મ્હારૂં જગ રટે મને;—માનીને૦
ભુલે છે ભાન સાનને ધ્યાનને ગ્યાનને માનને,
મોહે અંજાઈ લોભે લેવાઈ,
રંક રાજા લાચારીને ધારી પુજારી બને;—માનીને૦
કદરૂપા રૂપવંતા ને દુર્ગુણી ગુણવાન,
અભણ ભણે કંઈ ભાષણો હું એવી પ્રતાપવાન:-માનને૦

વિષ્ણુ— ૧૭

વેચે ત્યાં વેચાઉં,
ભકતોનો બાંધ્યો બંધાઉં:— વેચે.
નેતરે યશોદા બાંધે,
ગોરસ ગણી ગોપી વેચે,
મીરા ઘરે ઝેર પીઉ,
અમ્રતથી એ ઝેર ઉત્તમ ?—વેચે ત્યાં૦

દેવીઓ— ૧૮

માયામાં ભુલ્યા ભુલ્યા મોટા જ્ઞાની અજ્ઞાની
થઇ ભમ્યારે પ્રભુની માયામાં,
અબળા અજ્ઞાની નહીં અલખને ઓળખેને,
હઠથી આ ખેલ માડયાં ખોટા,

ધાર્યું ધણીનું થાતાં આંખ્યો ઉઘડશે એની,
જાણ્યાં જ્યાં કોણ મોટા છોટા,
મોટાથી હોડ બાંધી શકિત ના જાણી નિજની,
જાણ્યા ના કોણ મોટા છોટા;
રાજા રાવણ જેવા રણે રોળાઈ મુવા,
ફુટે જયમ પાણીના પરપોટા;—

લક્ષ્મિ—વિષ્ણુ—નારદ— ૧૯

મનમોહનને નાની મોટી,
મોટી મોટી થઈ હું મોટી;
એ મોટી એટલી ખોટી:— મન૦
મહામાયા મહાશકિત એને કોણ કહે છે છોટી ?
કયમ નારાયણ હું મોટી ?
હા મોટી !
ત્રણ વખત કહો હું મોટી,
હા મોટી (૩)
નીરસ્કાર કરીને ભકતે મોટાઇ પાણીમાં બોળી, (૨)
એ કળા કાળીયાની નવ જાણે ભરમે ભૂલે ભોળી;
કહી ચીર પહેરાવી લંગોટી, (૨)
શું નારદજી?
શકિત મોટી,
હા.... ....લક્ષ્મી ખોટી ? મનમોહન૦

ત્રીવેણી— ૨૦

જીન્દગાની ગુમાવી તારી એળે પાપી જીવડા,
તજી માતા પિતાની સેવા નિર્દય મનનારે
નિર્લજ થઈ નાચ્યો નારી નયને નચાવીયોરે,
વેશ્યા પ્રીતિમાં જીવન ટાળી;— પાપી૦
નાણું ખરચ્યે ના સ્નેહી માબાપ સાંપડેરે,
કલ્પતરૂને નાખ્યું બાળી;— પાપી૦

પુંડલીક— ૨૧

કર્યા નઠારાં કામ તારો ધીક પડયો અવતાર,
પુંડલીક તારાં પાપથી થયો જગમાં હાહાકાર—કર્યાં૦
'વિષ' ભરી 'વેશ્યા'ને 'વશ' થઈ૦ વ્હાલો કર્યો 'વ્યભિચાર,'
ધુતી ધન તન હીર હરીયું કીધો ફકીરી હાલ.—પુંડલીક.
સ્વાર્થીને સ્નેહી માની જુગતે રમ્યો જુગાર,
દીપક ઝાલી હાથે જાણી પડયો કુવા મોઝાર;—પુંડલીક.

ડ્રોપ.

અંક ત્રીજો.

જન્હુદેવ— ૨૨

એવું ઘડપણ આવ્યું ભઈ જુવાની તો ગઇ ગઈ,
આંખોનો રાજા ઉડી ગયો કાને સંભળાયે નહીં.
હવે જાણે જુવાની ખોળતાં વળી વાંકા ડગોરૂં લઈલઇ—એવું.
ધોળા પણ ખરતાં ચાલ્યાં જે આવ્યાં કાળા જઈ,
જમની ફોજો પળપળ વધતાં વધતી ડંકા દઈ દઈ—એવું.
બહોત ગઈ થોડી રહી એ રહીને ન જવા દે વહી,
હાથ ચોળતો રહેશે જ્યારે ધણીની નોબત થઈ થઈ—એવું.

પુંડલીક— ૨૩

મન તેં કંઈ કંઈ કરતુક કીધાં,
સંત સમાગમ તજી સુગંધી દુર્ગંધે પગ દીધા;
પુન્યામૃતનું પાન તજીને પ્યાલા વિષના પીધા.—મન.
પાપી ધુળ કર્યો જન્મારો કર કાળા કરી લીધી,
મુખ પણ મેશે કાળું કીધું ધરમ કરમને વીંધ્યાં.—મન.

પુંડલીક— ૨૪

મારે તો ઘેર બેઠે ગંગા તીરથનું શુ કામ?
માત પ્રદિક્ષણ કરતાં પૃથ્વી પ્રદિક્ષણનું ફળ થાય,
તો પછી પૃથ્વી ફરવા જો કોઈ મુરખ હોય તો જાય;—મારે.
વિશ્વેશ્વર રૂપ પિતા જો ઘરમાં બીજાનું શું કામ?
દેવદેવીને રાખ્યાં દેવળમાં હવે માત પિતાનું ધ્યાન.—મારે૦

ઋષિ-સખીઓ— ૨૫

જરા ધીરે ધીરે શાણી ચાલ પ્યારી ચાલ,
હું તો ચપળા છું ચંચળ જો મારી આ ચાલ.—જરા.

તારી પાસે દોડી હરિ આવે હાથ જોડી,
હું'થી વિશ્વપતિનો છે વૈભવ વિશાળ,—જરા.
તું વીણ શીવ ભોળે અંગ ચોળ્યું ભસ્મ ગોળ,
બધી દુનિયા દિવાની બની ગઇ એ હાલ !—જરા

લક્ષ્મિ તથા વિષ્ણુ— ૨૬

મોઢાના મીઠા મનના મેલા જાઓ અલબેલા.
જાણ્યા છો કપટ ભરેલા— જાઓ૦
અંતર કાળાશ જ્યારે અંતરે સમી નહીં વાહલા,
ફુટી આ બહાર નીકળી થયા અંગઅંગે કાળા.
બનાવો ના બની ગાંડા ઘેલા— જાઓ૦
પોતાને વાંકે સહુ ખાડે પડે છે જ્યારે
વાંક બીજાનો આવી કાઢે છે તેજ ત્યારે
દાઝયાપર ડામ દો શીદ છેલા— જાઓ૦

સખીઓ— ૨૭

પોતાનું તે પોતાનું બ્હેન ન થાય બીજું પોતાનું,
આપણું ઝુપડું સારૂં અન્યના મહેલને શું કરવાનુ?
પરણ્યાં ત્યાંથી પીયર છોડ્યું ! પછી પતિ ઘર પોતાનું -(૨)
હોય પિયરમાં લાખ સુખ તેથી શું લેવા દેવા.
લૂખા સુખા ઘરના ટુકડા અમૃત ભોજન જેવા—(૨)
હાથી દરબારે શોભે ને ગૃહિણી નિજ ઘરબારે,
પતિ સહવાસ સમું નહિ મતીને સાચું સુખ સંસારે-(૩)

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥